તાપમાન
મહત્તમ : ૪૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૭ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૮૧ | ૧ જૂન, ૨૦૧૬, બુધવાર ; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મહારાષ્ટ્રમાં સેનાના શસ્ત્રભંડારમાં ભીષણ આગ

## ૨૦ જવાનો ભડથું : ભડથુ થઇ ગયેલાઓમાં બે ઓફિસર અને ડીએસસી જવાનો : એશિયાના સૌથી મોટા શસ્ત્ર ભંડારમાં વહેલી પરોઢે આગ બાદ આસપાસના લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા : તપાસના આદેશ : જાનમાલનું ભારે નુકસાન

વર્ધા,તા. ૩૧

મહારાષ્ટ્રના વર્ધા નજીક પુલગાંવ સ્થિત સેનાના હથિયાર ભંડારમાં વહેલી પરોઢે વિનાશકારી ભાગ ફાટી નિકળ્યા બાદ જાનમાલનુ ભારે નુકસાન થયુ છે. આ ભીષણ આગની ઘટનામાં ઓછામાં ઓછા ૨૦ જવાનો ભડથુ થઈ ગયા છે. જ્યારે અન્ય ૧૯ જવાનો દાઝી ગયા છે. બચાવ અને રાહત કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. ભીષણ આગના કારણે આસપાસના લોકોમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે આ બનાવમાં બે



અધિકારી સહિત ૧૫ ડીએસસી જવાનોના મોત થયા છે. જ્યારે દાઝી ગયેલા જવાનો પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો આ આગની ઘટનામાં વધી શકે છે. મળેલી માહિતી મુજબ વર્ધામાં સેનાના આ હથિયાર ડીપોમાં રાત્રે આશરે એક વાગ્યાની આસપાસ આગ ફાટી નિકળી હતી. સુત્રોના કહેવા મુજબ અનેક પ્રચંડ ધડાકાના અવાજ સંભળાયા હતા. આગ ફાટી નિકળ્યા બાદ સાવચેતીના પગલા રૂપે આસપાસના તમામ ગામોમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી દેવામાં

● અનુસંધાન પાન-૭ પર

# બેંકોના એનપીએને ઘટાડવા સરકાર કટિબદ્ધ

## બેડલોન અર્થતંત્ર માટે ગંભીર ચિંતાનો વિષય હોવાની કબૂલાત : બેંકરપ્સી બિલ લાવીને બેંકિંગ સેક્ટરને વધુ સ્વતંત્રતા અપાઈ : બેંકો પારદર્શક કામ કરી રહી છે : વ્હીલફુલ ડિફોલ્ટરો સામે પગલા લેવા સરકાર સજ્જ છે

નવીદિલ્હી,તા. ૩૧

કેન્દ્રીય નાણા રાજયમંત્રી જયંત સિંહાએ આજે કહ્યું હતું કે, નોન પરફોર્મિંગ એસેટ (એનપીએ) અથવા બેડ લોન અર્થતંત્ર માટે ખુબ જ ચિંતાનો વિષય છે. તેમણે ઉમેર્યું હતું કે, સરકાર બેડલોનના મામલાને ઉકેલવાના પ્રયાસ કરી રહી છે. બેંકોના એનપીએને ઘટાડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જયંત સિંહાએ કહ્યું હતું કે, આના માટે સરકાર પહેલાથી જ બેંકરપ્સી બિલ લાવી ચુકી છે. સાથે સાથે બેંકિંગ સેક્ટરને વધુ પારદર્શકતા અને સ્વતંત્રતા આપવામાં આવી ચુકી છે. બેંકો વધુ સ્વતંત્રરીતે કામ કરે તેવા પગલા લેવાઈ ચુક્યા છે. સિંહાએ કહ્યું હતું કે, મોટાભાગની બેંકો૨૦૦૮ અને ૨૦૧૨ વચ્ચેના ગાળામાં ભારે એનપીએ ધરાવે છે.

યુપીએના શાસન દરમિયાન એનપીએનો આંકડો સતત વધ્યો હતો. અર્થતંત્ર માટે બેડલોન ગંભીર ચિંતાનો વિષય છે. વર્તમાન સરકારે આને જાહેર કરવાનો નિર્ણય કર્યો છે જેથી લોકો જાણે કે વાસ્તવિક સ્થિતિ શું છે. સિંહાએ કહ્યું હતું કે, તેમની સરકાર વ્હીલફુલ ડિફોલ્ટરો સામે ગંભીર પગલા લઈ રહી છે. ન્યુ બેંકરપ્સી લોના સંદર્ભમાં ડિફોલ્ટરો છટકી સકે નહીં. ડિફોલ્ટરો પાસેથી રિકવરીની સાથે જ સ્થિતિ હળવી કરી શકાય છે. ડિફોલ્ટરો પાસે રિકવરીને સરળ કરી શકાય છે. મૂડીવાદ ઉપર અંકુશ મુકી શકાય છે. આ સંદર્ભમાં ભારત એક એવા ફંડની શરૂઆત કરવા માંગે છે જેના કારણે ધિરાણદારો દ્વારા જાળવી રાખવામાં આવતી લોનમાં રોકાણ કરી શકાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ડોલર સામે રૂપિયો ૧૩ પૈસા ઘટીને ૬૭.૨૯ની સપાટીએ

## આયાતકારો તરફથી ડોલરની માંગ અને નવેસરથી મૂડી પ્રવાહ બહાર જવાની સ્થિતિ વચ્ચે રૂપિયામાં મંદી નોંધાઈ

મુંબઈ,તા. ૩૧

ડોલર સામે રૂપિયામાં આજે નબળાઈ જોવા મળી હતી. નવેસરથી મૂડી પ્રવાહ બહાર જવાની સ્થિતિ વચ્ચે ડોલરની માંગ જોવા મળી હતી. આજે ડોલર સામે રૂપિયો ૬૭.૧૬ની સપાટીએ ખુલ્યો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેંજ માર્કેટમાં સ્થિતિ મજબૂત રહી હતી. ડોલર સામે રૂપિયો ૧૩ પૈસા ઘટીને બંધ થતા પહેલા આજે કારોબાર વેળા ૬૭.૩૧ અને ૬૭.૧૦ની રેંજમાં રહ્યો હતો. ડોલર સામે રૂપિયો ૬૭.૨૯ની સપાટીએ રહ્યો હતો. ગઈકાલે રૂપિયામાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી. બેંચમાર્ક સેંસેક્સમાં

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ સહિત રાજ્યમાં વરસાદના ઝાપટાની સંભાવના



અમદાવાદ,તા. ૩૧

ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં ફરી એકવાર આંશિક વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી હોવા છતાં હજુ સુધી વરસાદની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. નીચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧.૯ અને લઘુત્તમ તાપમાન ૨૯.૧ ડિગ્રી નોંધાયું હતું. ભાવનગરમાં ૪૧.૨, સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૪૧.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું. તાપમાનમાં હવે સતત ઘટાડાની સ્થિતિ જોવા મળી રહી છે. થોડાક દિવસ પહેલા જ અમદાવાદ સહિત રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૮ સુધી પહોંચ્યો હતો જેમાં અમદાવાદ, ગાંધીનગર, કંડલા એરપોર્ટનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને અન્ય ભાગોમાં તીવ્ર ગરમી હજુ પણ જોવા મળી રહી છે.

# ઈબીસી અમલ પર મનાઈનો હાઈકોર્ટનો ઈન્કાર

## ગુજરાત હાઈકોર્ટે સરકારને નોટિસ ફટકારી : હવે અરજીદાર દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાઓને લઇને નોટિસ : ૨૨મી જૂનના દિવસે મામલામાં વધુ સુનાવણી


અમદાવાદ, તા.૩૧

અનરિઝર્વ વર્ગના લોકોમાં આર્થિકરીતે નબળા વર્ગને ૧૦ટકા અનામત આપવાના ગુજરાત સરકારના નિર્ણય સામે રિટ પિટિશન દાખલ કરવામાં આવી ચુકી છે. આ મામલામાં ગુજરાત હાઈકોર્ટે આજે રાજ્ય સરકારને નોટિસ આપી છે. આ મામલામાં વધુ સુનાવણી ૨૨મી જૂનના દિવસે હાથ ધરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટે આર્થિકરીતે નબળા વર્ગ (ઈડબલ્યુએસ)ના સભ્યોને સરકારી નોકરી આપવાના મામલે હાલમાં વિવાદ થયેલો છે. સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં આર્થિકરીતે નબળા વર્ગના લોકોને ૧૦ ટકા અનામત આપવાના વટહુકમને પડકાર ફેંકીને અરજી કરવામાં આવી હતી. આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે આજે નોટિસ ફટકારી હતી. જસ્ટિસ પરેશ ઉપાધ્યાયની વેકેશન બેંચે નોટિસ ફટકારી હતી. ગુજરાત વહીવટી વિભાગ, શૈક્ષણિક વિભાગ, સંસદીય બાબતોના વિભાગને નોટિસ આપવામાં આવી છે. પહેલી મેના વટહુકમને પડકાર ફેંકીને જ્યંતિભાઈ મનાણી દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી જેના આધારે આ નોટિસ જારી કરાઈ છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, આર્થિકરીતે નબળા વર્ગના લોકોને અનામત માટે ખાસ જોગવાઈ બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૧૬ હેઠળ મૂળભૂત અધિકારોના ભંગ સમાન છે. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, આ વટહુકમ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સીધો ભંગ છે. અરજીદારે વટહુકમ રજૂ કરવા સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. આર્થિકરીતે નબળા વર્ગના લોકોના સંદર્ભમાં પુરતી માહિતી એકત્રિત કર્યા વગર વટહુકમ જારી કરવામાં આવ્યો છે.

આવા ડેટા અથવા તો માહિતી નહીં હોવાની સ્થિતિમાં પક્ષપાત રહેવાની દહેશત રહેલી છે. અત્રે નોંધનીય છે કે, પહેલી મેના દિવસે ગુજરાત સરકારે વટહુકમ જારી કર્યો હતો. પાટીદાર સમુદાય દ્વારા હાલમાં જ અનામતને લઈને જોરદાર આંદોલન છેડવામાં આવ્યું હતું. અરજીદાર દ્વારા ૧૦ ટકા ઈબીસી ક્વોટા આપવાના સરકારના નિર્ણય ઉપર સ્ટે મુકવાની માંગ કરી હતી જ્યારે એડિશનલ એડવોકેટ પ્રકાશ જાની દ્વારા માંગનો વિરોધ કરાયો હતો. હાઈકોર્ટે રાજ્ય સરકારના નિર્ણય ઉપર સ્ટે મુકવાની માંગણીને ફગાવી દીધી હતી. પરંતુ અરજીદાર દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાને લઈને સરકારને નોટિસ આપવામાં આવી છે.

જાહેર નિમંત્રણ
આજની મંગલ પ્રભાતે...
શહેરના હાર્દસમા વિસ્તાર સેક્ટર-૭/સી,
શિવશક્તિ મંદિર પરિસરમાં આરંભીએ છીએ...
પૂજાપા ભંડાર
અને
ધાર્મિક પુસ્તક ભંડાર
પૂજાપા સામગ્રી, હાર, ચુંદડી, તુલસી-રૂદ્રાક્ષની માળા, અગરબત્તી, ધૂપ વગેરે મળશે.
આ ઉપરાંત ધાર્મિક પુસ્તકો પણ મળશે.
સંબંધિત ફર્મ : જય પૂજાપા ભંડાર, જય બુક સ્ટોલ, એસ.ટી. ડેપો, ગાંધીનગર

केशवम
पार्टी प्लोट
અમારે ત્યાં
વિશાળ લોન એરિયા
વ્યવસ્થિત મોટા એ. સી. રૂમ
પાર્કીંગની વ્યવસ્થા
આધુનીક સ્ટાઈલના મંડપ ડેકોરેશન
સંપુર્ણ અને સુઘડ કિચનની વ્યવસ્થા
કેટરીંગની વ્યવસ્થા
દરેક પ્રસંગ માટે અનુકુળ
એસોસીએટેડ ફર્મ, ગાંધીનગર
કેશવમ પાર્ટી પ્લોટ, પેથાપુર - મહુડી રોડ, ગાંધીનગર
: +91 98254 50111, +91 99099 55655 : www.keshavampartyplot.com



બેસણું

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
ચંદુલાલ શંભુરામ રાવલ
તા. ૨૩/૫/૨૦૧૬ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે.
સ્વર્ગસ્થનું બેસણું તા. ૧/૬/૨૦૧૬ને બુધવારના રોજ
સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન
અમારા નિવાસસ્થાને રાખેલ છે.

: સ્થળ :
પ્લોટ નં. ૩૩૬, શુભમ્ પ્લોટ,
સેક્ટર-૧૨/સી, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૭૯૬૬

તુષારભાઈ મહેન્દ્રભાઈ રાવલ
કેવલ સુરેશભાઈ રાવલ
મહેન્દ્રભાઈ ચંદુલાલ રાવલ
સુરેશભાઈ ચંદુલાલ રાવલ

ન્યુઝ પેપર એજન્ટ - ગુજરાત સમાચાર, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા
ગાયત્રી મંડપ ડેકોરેટર્સ
ગાયત્રી સાઉન્ડ એન્ડ લાઈટ ડેકોરેશન

HOT SPOT in HOT SEASON for FAMILY PICNIC




Special Discount Packages for two Persons*
2 Night Stay @ Rs. 8,500+Tax (Monday to Friday) (Except Festivals)
2 Night Stay @ Rs. 9,500+Tax (Saturday-Sunday & Holidays)
Offer Includes Lunch - Hi-tea - Dinner & Morning Breakfast.
We also offer indoor - outdoor Games & Swimming.
* conditions apply
For Booking Call
Ashish Soni : 70690 96551
Biren Shrimali : 99249 31224
Hiren Mehta : 70690 96550
Nr. Grambharti, Gandhinagar-Mahudi Road, At. Aluva, Dist. Gandhinagar.
e-mail : info@bansarigreensresort.com, www.bansarigreensresort.com